આછું ગુલાબી રંગનું બનવવામાં આવે છે. જેને જખમ કે ગુમડા વગેરેમાં સાફ કરવા વપરાય છે. બીજું ખરવા–મોવાસાના રોગમાં પણ મોંના ચાંદા અને ખરીને સાફ કરવા વપરાય છે.

**ઝીંક ઓક્સાઈડ :–**

આંચળ પર ચીરા પડ્યા હોય ત્યારે ઝીંક ઓક્સાઈડ પાઉડરમાં વેસેલીન નાખી મલમ બનાવી લગાડવાથી ફાયદો મળે છે.

આમ, પ્રાથમિક સારવારનો ઉપયોગ કરીને તાત્કાલિક ધોરણે પશુને રાહત અપાવી શકીએ એને ક્યારેક જીવ પણ બચાવી શકીએ છીએ. જો વધુ તકલીફ જણાય તો તુરંત નજીકના પશુચિકિત્સક અધિકારીનો સંપર્ક કરવો જોઈએ.



NAVSARI AGRICULTURAL UNIVERSITY

भाकृ अनुप
ICAR

# પશુઓમાં પ્રાથમિક સારવાર વિશે જાણો



## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**આહવા રોડ, વઘઈ, જિ. ડાંગ**
**ફોન નં. (૦૨૬૩૧) ૨૯૬ ૬૪૫**

**Email : kvkwaghai@yahoo.conau.in**
**Youtube : kvkwaghai**

વર્ષ : ૨૦૨૦ - ૨૦૨૧

પ્રકાશન નં. ૮૫/૨૦૨૦-૨૧

# પશુઓમાં પ્રાથમિક સારવાર વિશે જાણો

ડૉ. એસ. એ. પટેલ, શ્રી બી. એમ. વહુનિયા, શ્રી એચ. એ. પ્રજાપતિ,
ડૉ. પી. પી. જાવિયા, શ્રી જે. બી. ડોબરીયા, ડૉ. જી.જી. ચૌહાણ
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વઘઈ, ડાંગ

પશુઓમાં થતા વિવિધ રોગોના ઉપચાર માટે વિવિધ દેશી અને વિલાયતી દવાઓ ઉપયોગમાં લેવાતી હોય છે. આવી જ રીતે નવી નવી દવાઓ દિન પ્રતિદિન બજારમાં મળતી રહે છે. પશુઓમાં ઘણીબધી સામાન્ય બિમારીઓ જેવી કે તાવ આવવો, જખમ, ઝાડા, શરદી અને આફરો ચઢવો વગેરે જોવા મળતી હોય છે. જેમાં કેટલીક વખતે યોગ્ય સારવાર જલ્દી ના મળતા ક્યારેક પશુ માટે જીવલેણ નીવડે છે. જો પશુ બિમાર હોય કે કાર્યક્ષમ ના હોય તો પશુપાલકને નુકશાની ભોગવવી પડે છે. જેથી દરેક પશુપાલકને પશુ પ્રાથમિક સારવાર વિશેની માહિતી હોવી જોઈએ. ગામડામાં દેશી દવાઓ અને પરંપરાગત ઔષધીઓનો ખૂબ જ મોટો ભંડાર આવેલો છે. જો પશુપાલકને પ્રાથમિક સમજણ હોય તો એ પ્રાથમિક સારવાર જાતે કરી શકે અને પશુને તુરંત રાહત અપાવી શકે છે અને ક્યારેક પશુનું મૃત્યુ પણ અટકાવી શકે છે.

**ઘા/જખમ અને તેમાં જીવડાં પડે ત્યારે :-**

ઘા/જખમ અથવા જે ભાગમાં વાગેલું હોય તેને સૌ પ્રથમ રૂના પૂમડા વડે સાફ કરવું, પછી ટીંકચર આયોડીન લગાડવું



જોઈએ જેથી જંતુનો નાશ થાય અને એ ઘા/જખમ પાકે નહિ. ચોમાસા દરમિયાન જો ઘા/જખમ પડે તો એમાં જીવડાં પડ્યા હોય ત્યારે તેની ઉપર ટરપેન્ટાઈન તેલનું પૂમડું લગાવવું જેથી જીવડાં બહાર નીકળવા લાગશે તેને ચીપીયાથી પકડી બહાર કાઢી લેવા અને ઘા/જખમ પર જંતુનાશક મલમ લગાડવી જોઈએ.

**સોજો આવ્યો હોય ત્યારે :-**

જ્યારે પશુને માર વાગ્યો હોય અને સોજો આવ્યો હોય તેવા સમયે આયોડેક્સ મલમની માલીસ કરવાથી સોજો ઓછો થાય બીજું કે માલીસ ૪-૫ દિવસ કરવાથી એ ભાગ પાકી જશે અને એમાંથી પરુ કાઢી પછી સારવાર કરવાથી જલ્દી રૂજ આવશે. પશુ લંગડાતું હોય ત્યારે સોજા વાળા ભાગ પર ટરપેન્ટાઈન લીનીમેન્ટ નામની દવાની માલીસ કરવાથી પશુને રાહત મળે છે.

**આફરો ચઢવો :-**

સામાન્ય રીતે આફરાના કેસો શિયાળાની ઋતુમાં વધુ પડતો લીલોચારો ખવડાવવાથી થાય છે. આફરો ચઢે ત્યારે તરત જ ટરપેન્ટાઈન તેલ ૫૦ ગ્રામ અને ખાવાનું તેલ ૫૦૦ ગ્રામ ભેગું કરી પશુને પીવડાવવામાં આવે ત્યારે આફરામાં રાહત મળે છે. જો વારંવાર આફરો ચઢતો હોય તો આદુ પાઉડર ૩૦ ગ્રામ, હિંગ ૩૦ ગ્રામ, અજમો ૩૦ ગ્રામ, નક્ષ વોમીકા પાઉડર ૪ ગ્રામ, એમોનિયમ કાર્બોનેટ પાઉડર ૪ ગ્રામ અને ખાવાનું તેલ ૫૦૦ ગ્રામ આ બધું ભેગું કરીને પીવડાવવું જોઈએ જેથી

આફરામાં રાહત મળે છે. જો ખૂબ જ આફરો ચડતો હોય તો તાત્કાલિક પશુના ડાબા પડખાના પેટના ત્રિકોણ વાળા ભાગ પર ટ્રોકર કેન્યુલાથી કાણું પાડી ગેસ બહાર કાઢી પશુનો જીવ બચાવી શકાય છે.

**બંધકોષ – ઝાડો બંધ થવો :–**

ઝાડો સુકાઈ જવો, બંધ થઈ જવો, કબજિયાત તથા ઝેરની અસર વાળા કિસ્સામાં ઝાડા કરાવવા માટે મેગ્નેશિયમ સલ્ફેટનો ઉપયોગ થાય છે. ૨૫૦ ગ્રામ જેટલો પાઉડર હુંફાળા પાણીમાં ઓગળીને નાળ વડે પીવડાવાથી પશુને રાહત આપી શકાય છે. જો તાજં જન્મેલા બચ્ચાં ઘણી વખત ઝાડો બંધ હોય ત્યારે તેવા સમયે તાજી મોળી છાશમાં સંચળ ભેગું કરીને પીવડાવવાથી ઝાડો થાય છે.

**નસકોરી ફૂટવી :–**

પશુના નાકમાં કોઈ ગાંઠ હો કે કોઈ રોગ થતો હોય અથવા ઉનાળામાં પશુના નાકમાંથી લોહી નીકળતું હોય એ નસકોરી ફૂટવાથી થતું હોય છે. આવા સમયે પશુના નાકના ભાગમાં ઠંડો બરફ ઘસવાથી અથવા ઠંડુ પાણીના છલાકો મારવાથી ફાયદો થાય છે.

**લકવો થવો :–**

જયારે પણ પશુના પાછળના પગે લકવાની અસર થતાં તે ઉભું થઈ શકતું નથી, આવા સમયે પશુને તેલ માલીસ કરવી તેમજ અમરવેલને ગરમપાણીમાં ઉકાળી જારવાથી રાહત મળે અને સરસીયાનું તેલ સૂર્યપ્રકાશમાં રાખી ગરમ કરી માલીસ



કરવાથી ઘણી રાહત પશુને મળે છે.

**ગર્ભાશય ભ્રંશ થયું હોય ત્યારે :–**

ગર્ભાશય/યોગીનો ભાગ બહાર નીકળેલ હોય ત્યારે લજામણીનો રસ નીકળેલ ભાગ પર લગાડવું તેમજ તેના પાન ખવડાવાથી ફાયદો થાય છે.

**વાછરડાંમાં કરમિયા હોય ત્યારે :–**

નાના બચ્ચાંઓમાં કરમિયાનો રોગ હોય ત્યારે ૫૦૦ ગ્રામ છાશ લઈ તેમાં ૫૦ ગ્રામ મીઠું નાખી પીવડાવાથી રાહત મળે છે. ૩–૪ દિવસ સતત પીવડાવવું જોઈએ. બીજું તેમાં લીમડાના પાનનો રસ ઉમેરી પીવડાવાથી પણ સારૂ પરિણામ મળે છે.

**મેલી ન પડે ત્યારે :–**

મેલી ન પડે ત્યારે ૫૦ ગ્રામ સવા, ૫૦ ગ્રામ મેથી, ૧.૫ કિ. ગ્રા. બાફેલી બાજરી અને ૫૦૦ ગ્રામ જેટલો ગોળ મિશ્રણ કરી ખવડાવવામાં આવે તો મેલી જલ્દી પડી જાય છે.

**ગાય/ભેંસ ગરમીમાં ના આવે ત્યારે :–**

ગાય/ભેંસ ગરમીમાં ન આવતી હોય તો ૫૦૦ ગ્રામ જેટલા મઠ રાત્રે પલાળી દેવા અને સવારે તેને બાફી તેમાં એક ચમચો ઘી અને ૨૦૦ ગ્રામ જેટલો ગોળ ભેળવી ખવડાવી દેવો જોઈએ, આ પ્રમાણે ૨–૩ અઠવાડિયા મઠ અથવા ડોડીના પાન ૫૦૦ ગ્રામ ખવડાવી શકાય.

**પોટેશિયમ પરમેંગેનેટનું દ્રાવણ :–**

પોટેશિયમ પરમેંગેનેટના કણને પાણીમાં નાખી તેને